| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૧/૦૧/૨૦૨૬ |
| નોંધ્યા તારીખ | ૨૧/૦૧/૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૨૮/૦૪/૨૦૨૬ |
| સમયગાળો | દિવસ-મહીનો-વર્ષ |
| | |

सत्यमेव जयते

**અરવલ્લીના મહેરબાન એડીશ્નલ સેશન્સ જજશ્રી તથા સ્પેશ્યલ જજ(પોક્સો)ની કોર્ટ સમક્ષ, મુ.મોડાસા, જી. અરવલ્લી**

==================================================

**-॥ પોક્સો કેસ નં. ૦૨/૨૦૨૬ ॥-**

==================================================

**આંક-**

**ફરિયાદીઃ-** શ્રી સરકાર

**વિરૂદ્ધ**

**આરોપીઃ-** દિપકભાઇ ઉર્ફે દિપલો અરવિંદભાઇ પરમાર
ઉં.આ.વ.૨૨, ધંધોઃ--,
રહેવાસીઃ પરમાર ફળિયુ, જુના પિપોદરા તા.બાયડ
જી.અરવલ્લી
**(આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં સબજેલ મોડાસા ખાતે છે.)**

==================================================

**ગુનો:- ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧) તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૧૨ ની કલમ-૪,૬,૮,૧૨ મુજબના**

==================================================

- ફરિયાદી તરફે વિ. પ્રોસીક્યુટર શ્રી ડી.એસ.પટેલ.
- આરોપી તરફે વિ.ધારાશાસ્ત્રી શ્રી એ.એમ.ચૌહાણ

## પત્રક–બી

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૨–૧૧–૨૦૨૫ થી ૨૩–૧૧–૨૦૨૫ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૨૪–૧૧–૨૦૨૫ |
| આરોપનામાની તારીખ | ૨૧–૦૧–૨૦૨૬ |
| આરોપના ઘડતરની તારીખ | ૧૦–૦૪–૨૦૨૬ |
| પુરાવા પ્રારંભની તારીખ | ૧૦–૦૪–૨૦૨૬ |
| ચુકાદો અનામત રખાયાની તારીખ | ૨૩–૦૪–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૮–૦૪–૨૦૨૬ |
| સજાના હુકમની, જો કોઇ હોય તો તારીખ | – |

## આરોપીની વિગત

| | |
|---|---|
| આરોપીનો ક્રમ | ૧ |
| આરોપીનું નામ | **દિપકભાઇ ઉર્ફે દિપલો અરવિંદભાઇ પરમાર** |
| ધરપકડ થયાની તારીખ | ૩૦–૧૧–૨૦૨૫ |
| જામીન મુકત થયા તારીખ | – |
| કરાયેલ આરોપ | ભારતીય ન્યાય સંહિતાની કલમ:– ૧૩૭(૨),૮૭,૬૪(૨)(એમ),૬૫(૧) તથા પોકસો એકટ કલમ– ૪,૬,૮,૧૨ |
| શું ગુના મુકત અથવા દોષિાત ફરમાવેલી શિક્ષા | દોષમુકત |
| ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ– | – |

| | |
|---|---|
| ૪૮૨ ના હેતુસર ટ્રાયલ દરમીયાન જોગવાઇ અટકાયતનો સમયગાળો | |

## **: J U D G M E N T :**

૧. આરોપી **ભારતીય ન્યાય સંહિતાની કલમ:-૧૩૭(૨), ૮૭, ૬૪(૨) (એમ),૬૫(૧) તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૧૨ (હવે પછી પોક્સો એકટ તરીકે ઉલ્લેખ કરેલ છે.) ની કલમ-૪,૬,૮,૧૨** મુજબના શિક્ષા પાત્ર ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરી રહેલ છે.

૨. **ફરીયાદી (સાહેદ નં.૧) કે જે આ કામના ભોગબનનારના માતા છે તેઓએ** તા.૨૪/૧૧/૨૦૨૫ નારોજ બાયડ પોલીસ સ્ટેશન સમક્ષ ફરીયાદ આપેલી જે ફરીયાદ **બાયડ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર ૧૧૧૮૮૦૦૨૨૫૦૭૬૭/૨૦૨૫ થી** ભારતીય ન્યાય સંહિતાની કલમ:- ૧૩૭(૨) તથા ૮૭ મુજબના ગુના સબબ આરોપી વિરુધ્ધ નોંધવામાં આવેલ અને ત્યારબાદ ગુનાની તપાસ, તપાસ કરનાર અધિકારીએ શરુ કરેલી અને આરોપી તથા ભોગબનનાર મળી આવતા આરોપીને અટક કરેલા.ભોગબનનારનું નિવેદન નોંધેલ અને તે સંદર્ભે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૬૪(૨)(એમ), ૬૫(૧) તથા પોકસો એકટની કલમ- ૪, ૬, ૮, ૧૨ મુજબનો એફ.આઇ.આર.માં ઉમેરો કરવા નામદાર એડીશ્નલ સેશન્સ જજને રીપોર્ટ કરેલો જે મંજુર કરવામાં આવેલો અને ત્યારબાદ તપાસ કરનાર અધિકારીએ ભોગબનનારનું બી.એન.એસ.એસ. ની કલમ- ૧૮૩ મુજબનું નિવેદન લેવા માટે કાર્યવાહી કરેલી અને ત્યારબાદ જરૂરી પંચનામા કરી તથા સાહેદના નિવેદન લઇ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા આરોપી

વિરુધ્ધ **ભારતીય ન્યાય સંહિતાની કલમ:-૧૩૭(૨),૮૭, ૬૪(૨) (એમ),૬૫(૧) તથા પોક્સો એકટની કલમ-૪,૬,૮,૧૨** મુજબના શિક્ષાને પાત્ર ગુનાનું તહોમતનામું વિશેષ અદાલત સમક્ષ રજૂ કરેલ.

૩. **ફરીયાદ મુજબ ટૂંકમાં હકીકત એ પ્રકારે છે કે** તા.૨૨/૧૧/૨૦૨૫ ના રોજ રાત્રીના દશેક વાગ્યાના સમયે ફરીયાદી તથા ફરીયાદીના પતિ તથા ફરીયાદીની ભોગબનનાર દિકરી તથા ફરીયાદીની બહેન આશાના ત્રણે સંતાનો સાથે તેમના ઘરના રૂમમાં સુઇ ગયેલ હતા અને રાત્રીના ત્રણેક વાગ્યાના સમયે ફરીયાદીની બહેનની દિકરીએ ફરીયાદીને જગાડેલ અને તેમને કહેલ કે, મને ઠંડી લાગે છે. પછી ફરીયાદીએ જાગીને ધાબરો લેવા માટે લાઇટ ચાલુ કરેલ તો ફરીયાદીની ભોગબનનાર દિકરી ખાટલામાં જોવા મળેલ ન હતી. જેથી પછી ફરીયાદીએ તેમના પતિને જગાડેલ હતા અને તેઓને કહેલ હતુ કે, ભોગબનનનર તેના ખાટલામાં નથી પછી તે ઘરની બહાર જઇ જોઇ આવેલ હતા. પરંતુ ભોગબનનાર કોઇ જગ્યાએ જોવા મળેલ ન હતી. જેથી પછી ફરીયાદીએ તેમના બહેન આશા અને તેમના દિયર દશરથભાઇને જગાડેલ હતા અને પછી અમે બધાએ તેમના ઘરની આજુબાજુમાં તપાસ કરેલ હતી પરંતુ તેમની ભોગબનનાર દિકરી કોઇ જગ્યાએ મળી આવેલ ન હતી અને ત્યારબાદ તેઓ બધાએ તેમના સગા સંબંધીના ઘરે તપાસ કરાવેલ હતી પરંતુ આ ભોગબનનાર બાબતે તેમને કોઇ માહિતી મળેલ ન હતી અને બીજા દિવસ સવારે ફરીયાદીને વાતોવાત થી જાણવા મળેલ હતી કે, તેમની ભોગબનનાર દિકરી અને તેમના ગામના દિપકભાઇ અરવિંદભાઇ પરમારનાઓ બંને વાતો કરતા હતા. જેથી ફરીયાદીના સંબંધીએ આ દિપકભાઇના ઘરે તપાસ કરતાં તેમના પત્નિએ જણાવેલ હતુ કે, તેઓ રાત્રીના ઘરેથી નિકળી ગયેલ છે અને હજુ ઘરે આવેલ નથી તેવી વાત તેમને કરેલ હતી અને પછી તેમને જાણવા મળેલ હતુ કે, દિપક તેના મિત્ર

નિતેશનું બાઇક લઇને ગયેલ છે અને તેમની ભોગબનનાર દિકરીને શોધી લાવવા માટે તેમણે દિપકના ઘરના લોકોને કહેલ હતુ પરંતુ તેઓ ભોગબનનારને શોધી લાવેલ ન હોય ફરીયાદીએ ફરીયાદ કરેલ છે. આમ, આરોપીએ ભોગબનનાર કે જેની ઉંમર ૧૫ વર્ષ ૧૦ મહીના અને ૦૨ દિવસ ની હતી તેણીને આરોપીએ લલચાવી, ફોસલાવીને લાલચ આપી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી લઈ ગયેલ હોય તેમના વિરુધ્ધ ફરીયાદ કરેલ છે.

**૪.** તપાસ કરનાર અધિકારીશ્રી ધ્વારા રજુ કરવામાં આવેલ ચાર્જશીટ દાખલ કરી, આરોપી જયુડીશીયલ કસ્ટડીમા હોય તેમને જેલમાંથી હાજર રખાવતા આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. તેમજ હાલના ચાર્જશીટ સાથેના તમામ પોલીસ કાગળોની વિનામુલ્યે નકલો આ કામના આરોપીને પુરી પાડવામાં આવેલ છે.

**૫.** તહોમત સંબંધે પક્ષકારોની દલીલ તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવા લક્ષમાં લઈ આરોપી વિરૂદ્ધ **ભારતીય ન્યાય સંહિતાની કલમઃ– ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧) તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮, ૧૨** મુજબના ગુન્હા સબબ તહોમત ફરમાવવા માટે પુરતા અને વ્યાજબી કારણો જણાતા હોય **આંક–૦૭** થી તહોમત ફરમાવેલ છે અને આરોપીએ તેમના વિરૂદ્ધના ગુના સબબ ઈન્કાર કરતા **<u>આંક–૦૮ હેઠળ આરોપીનું પ્રાથમિક નિવેદન</u>** નોંધવામાં આવેલ અને ત્યારબાદ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**૬.** ફરીયાદપક્ષ તરફે કેસ પુરવાર કરવા નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

| | | | |
|---|---|---|---|
| | | **-: મૌખિક પુરાવાઓ :-** | |
| **સાહેદ નં.** | **આંક** | **સાહેદનું નામ** | **સાહેદનો પ્રકાર** |
| ૧. | ૧૦ | ઈન્દુબેન રાકેશભાઈ ચૌહાણ | ફરીયાદી |
| ૨. | ૧૨ | ભોગબનનાર | ભોગબનનાર |
| ૩. | ૧૪ | રાકેશભાઇ રમણભાઈ ચૌહાણ | ભોગબનનારના પિતા |
| ૪. | ૨૧ | ડો.નિરવકુમાર અશોકભાઇ પટેલ | તબીબી સાહેદ |
| ૫. | ૨૪ | ડો.રુચી પટેલ | તબીબી સાહેદ |
| ૬. | ૨૬ | હિમાંશુભાઇ પરશોત્તમભાઇ ગામીત | ત.ક.અમલદાર |
| | | **-: દસ્તાવેજી પુરાવાઓ :-** | |
| **નંબર** | **આંક** | **દસ્તાવેજની વિગત** | **કયા સાહેદમાં પુરવાર થયેલ છે.** |
| ૧. | ૧૧ | ફરીયાદ | સાહેદ નં.૧ |
| ૨. | ૧૩ | બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનું ભોગબનનારનું નિવેદન | સાહેદ નં.૨ |
| ૩. | ૧૫ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | આરોપી તરફે કબુલ રાખેલ છે. |
| ૪. | ૧૬ | મોબાઇલ ફોન તથા બાઇક રીકવરી પંચનામું | આરોપી તરફે કબુલ રાખેલ છે. |
| ૫. | ૧૭ | ભોગબનનનરની શરીર સ્થિતીનું પંચનામું | આરોપી તરફે કબુલ રાખેલ છે. |

| | | | |
|---|---|---|---|
| ૬. | ૧૮ | આરોપીની શરીર સ્થિતીનું પંચનામું | આરોપી તરફે કબુલ રાખેલ છે. |
| ૭. | ૧૯ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | આરોપી તરફે કબુલ રાખેલ છે. |
| ૮. | ૨૨ | આરોપીનું શારીરીક તપાસણી સર્ટીફીકેટ | સાહેદ નં.૪ |
| ૯. | ૨૩ | ભોગબનનારનું શારીરીક તપાસણી સર્ટીફીકેટ | સાહેદ નં.૪ |
| ૧૦. | ૨૫ | ભોગબનનારનું શારીરીક તપાસણી સર્ટીફીકેટ | સાહેદ નં.૫ |
| ૧૧. | ૨૭ | સુચિપત્ર | સાહેદ નં.૬ |
| ૧૨. | ૨૮ | ભોગબનનનરનો શાળા છોડયાનો દાખલો | સાહેદ નં.૬ |
| ૧૩. | ૨૯ | સ્થળ પરીક્ષણ અહેવાલ | સાહેદ નં.૬ |
| ૧૪. | ૩૦ | સરકારી પંચો ફાળવવાની યાદી | સાહેદ નં.૬ |
| ૧૫. | ૩૧, ૩૨ | ભોગબનનાર તથા આરોપીની મેડીકલ તપાસ કરાવવા યાદી | સાહેદ નં.૬ |
| ૧૬. | ૩૩ | કલમ ઉમેરાનો રીપોર્ટ | સાહેદ નં.૬ |

– ત્યારબાદ વિ.પ્રોસીક્યુટરશ્રી દ્વારા આંક–૩૪ થી પુરાવો બંધ કરવાની પુરસીસ આપેલ છે.

**૭.** ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ ૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીને તેમના વિરૂદ્ધ પડેલ પુરાવા સબબ ખુલાસો કરવાનું જણાવતા આરોપીએ જણાવેલ છે કે, આરોપી નિર્દોષ છે. તેમના પર ખોટો કેસ કરેલો છે.

૮. ફરીયાદપક્ષ તરફે વિ.પ્રોસીકયુટર શ્રી ડી.એસ.પટેલ તથા આરોપી તરફે વિ.ધારાશાસ્ત્રી શ્રી એ.એમ.ચૌહાણની મૌખિક દલીલો સાંભળી.

૯. કેસનો નિર્ણય કરવા સારુ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

| | |
|---|---|
| **મુદ્દા નં.૧** | શું ફરીયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર રહી પુરવાર કરે છે કે ભોગબનનાર સગીરવયની છે? |
| **નિર્ણય** | **નકારમાં** |
| **મુદ્દા નં.૨** | શું ફરીયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર રહી પુરવાર કરે છે કે આરોપીએ **ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૧૩૭(૨) તથા ૮૭ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?** |
| **નિર્ણય** | **નકારમાં** |
| **મુદ્દા નં.૩** | શું ફરીયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર રહી પુરવાર કરે છે કે આરોપીએ **ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૬૪(૨)(એમ), ૬૫(૧) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?** |
| **નિર્ણય** | **નકારમાં** |
| **મુદ્દા નં.૪** | શું ફરીયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર રહી પુરવાર કરે છે કે આરોપીએ **પોક્સો એકટની કલમ– ૪,૬,૮,૧૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?** |
| **નિર્ણય** | **નકારમાં** |
| **મુદ્દા નં.૫** | **શું હુકમ ?** |
| **નિર્ણય** | **આખરી હુકમ મુજબ** |

## // ન્યાયિક નિર્ણય અંગેના કારણો //

૧૦. પક્ષકારો તરફથી દલીલો તથા રજુ થયેલ દસ્તાવેજી તથા મૌખિક પુરાવા તથા સંબંધિત કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લીધી.

૧૧. મુદ્દા નં.૧ અંગે : –

આરોપી વિરુધ્ધ પોકસો એકટ મુજબના ગુન્હાનું તહોમત ફરીયાદપક્ષ તરફથી મુકવામાં આવેલ છે. આ ગુન્હાના તત્વો સાબિત કરવા માટે ભોગબનનાર બનાવસ સમયે સગીર વયના હતા કે કેમ? તે હકીકત ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરવી જોઈએ. ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈ મુજબ ભોગબનનાર સગીર છે કે કેમ? તે હકીકત પુરવાર કરવાનો બોજો તે ફરીયાદપક્ષ તરફે છે. આ તબકકે **નામદાર સુપ્રિમ કોર્ટ જર્નેલસીંહ વિ. સ્ટેટ ઓફ હરીયાણા (૨૦૧૩(૭) SCC ૧૬૩)** નો ચુકાદો ધ્યાનમાં લેવા પાત્ર થાય છે. જેમાં નામદાર સુપ્રીમ કોર્ટે પ્રતિપાદીત કરેલ છે કે

> while considering the issue of determination of age of a minor victim, has analysed the scope of Rule 12 of the Juvenile Justice (Care and Protection of Children) Rules, 2007 (here inafter referred to as'J.J. Rules 2007').The Supreme Court has held that though Rule 12 is strictly applicable only to determine the age of the child in conflict with law,the said statutory provision should also be the basis for determination age, even of a child, who is a victim of crime.

એટલે કે **સગીર ભોગબનનારની ઉંમર નકકી કરવાના મુદ્દા પર વિચાર કરતી વખતે જુવેનાઇલ જસ્ટીસ (બાળકોની સંભાળ અને સંરક્ષણ –**

**નિયમો, ૨૦૦૭ ના નિયમ) ૧૨ ના અવકાશનું વિશ્લેષણ કર્યું છે.** નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું કે નિયમ ૧૨ ફકત કાયદા સાથે સંઘર્ષમાં રહેલા બાળકની ઉંમર નકકી કરવા માટે જ લાગુ પડે છે છતાં ઉપરોકત કાયદાકીય જોગવાઇ વય નકકી કરવા માટેનો આધાર હોવો જોઇએ, ભલે તે બાળક ગુનાનો ભોગ બનેલો હોય, પોકસો એકટની કલમ ૩૪ માં ભોગબનનારની ઉંમર કેવી રીતે નકકી કરવી તેની જોગવાઇ આપેલી છે. જે મુજબ પણ ભોગબનનારની ઉંમર જુવેનાઇલ જસ્ટીસ એકટમાં જણાવેલ પદ્ધતિ પ્રમાણે નકકી કરવાનું જણાવેલ છે. જુવેનાઇલ જસ્ટીસ એકટની કલમ–૯૪ અન્વયે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરની ઉંમર નકકી કરવા માટેની જોગવાઇ છે. જે જોગવાઇ ભોગબનનારની ઉંમર નકકી કરવા માટે પણ ધ્યાને લઇ શકાય અને આ જોગવાઇને ધ્યાને લેતાં ઉંમર નકકી કરવાનું પરીબળ નીચે મુજબ છે.

(૧) શાળામાંથી જન્મના પ્રમાણપત્રની તારીખ અથવા સંબંધિત પરીક્ષા બોર્ડ પાસેથી મેટ્રીક્યુલેશન અથવા તે સમાન પ્રમાણપત્ર, જો ઉપલબ્ધ હોય તો અને તેની ગેરહાજરીમાં,

(૨) કોર્પોરેશન અથવા મ્યુનિસિપલ સત્તાધિકારી અથવા પંચાયત દ્વારા આપવામાં આવેલ જન્મનું પ્રમાણપત્ર,

(૩) ઉપરોક્ત (૧) અને (૨) ની ગેરહાજરીમાં જ, સમિતિ અથવા બોર્ડના હુકમ મુજબ કરવામાં આવેલ ઓસિફિકેશન ટેસ્ટ અથવા અન્ય કોઇ તાજેતરનું તબીબી ઉંમર ચકાસણી પરીક્ષાના આધારે ઉંમર નક્કી કરવાની રહેશે,

જે મુજબ જોવામાં આવે તો ભોગબનનારની ઉમર નકકી કરવા (૧) શાળાએ આપેલ જન્મનું પ્રમાણપત્ર (૨) પરીક્ષા બોર્ડનું મેટ્રીકયુલેશન પ્રમાણપત્ર, (૩) જન્મ–મરણ નોંધણી રજીસ્ટ્રારે આપેલ જન્મનું પ્રમાણપત્ર ધ્યાનમાં લેવાનું થાય છે અને જો આ ત્રણેય ના હોય તો ઓસીફીકેશન ટેસ્ટ દ્વારા ઉંમરની ચકાસણી કરી શકાય છે.પ્રસ્તુત કેસમાં ફરીયાદપક્ષે **ફરીયાદી (સાહેદ નં.૧) નાએ આંક–૧૦** થી

અદાલત સમક્ષ પુરાવો આપેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે **ભોગબનનારની જન્મ તારીખ તેમને ખબર નથી.બનાવ વખતે ભોગબનનારની ઉંમર ૧૮ વર્ષની હતી.**ત્યારબાદ **ભોગબનનારે (સાહેદ નં.૨) નાએ આંક–૧૨** થી અદાલત સમક્ષ પુરાવો આપેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે **મારી જન્મ તારીખ મને ખબર નથી. બનાવ વખતે મારી ઉંમર ૧૮ વર્ષની હતી.** વધુમાં, ફરીયાદપક્ષે **તપાસ કરનાર અમલદાર હિમાંશુભાઈ પરશોત્તમભાઈ ગામીત (સાહેદ નં.૬) નાએ અદાલત સમક્ષના પુરાવામાં આંક–૨૮ થી ભોગબનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર રજુ કરેલ છે જેમાં ભોગબનનારની જન્મ તારીખ:–૨૨/૦૧/૨૦૧૦ ની છે.** પરંતુ આંક–૨૮ વાળો દાખલો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે તે પ્રમાણપત્ર ઈસ્યુ કરનાર શાળાના જવાબદાર અધિકારીને તપાસેલ નથી અને દસ્તાવેજને માત્ર આંકે પાડવાથી પુરવાર થયેલો ગણાય નહી. ફરીયાદપક્ષે આંક–૨૮ વાળો દસ્તાવેજ યોગ્ય રીતે પુરવાર કરવો જોઈએ જે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નીવડેલ છે.આમ, ભોગબનનારની જન્મ તારીખ બાબતે માહીતીનો સ્ત્રોત ફરીયાદી, ત.ક.અમલદાર કે ભોગબનનારના પુરાવા મારફત પણ જણાતુ નથી. **આમ, સમગ્ર હકીકત ધ્યાને લેતા બનાવ વખતે ભોગબનનાર પોકસો એકટની કલમ – ૨(ડી) મુજબ સગીર હોવાનું પુરવાર થતું ન હોય જેથી મુદ્દા નં.૧ નો જવાબ 'નકારમાં' આપવામાં આવે છે.**

**૧૨. મુદ્દા નં.૨ અંગે :–**

(૧) આરોપી વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭ મુજબનું તહોમત છે.ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨) મુજબનો ગુન્હો પુરવાર કરવા પુરવાર કરવુ જોઈએ કે **(૧) જે વ્યકિતનું અપહરણ કરવામાં આવેલ હોય તે સગીર હોવી જોઈએ અને તે**

**વ્યકિતને કાનૂની વાલીપણામાંથી ફોસલાવીને લઈ ગયેલ હોવું જોઈએ. (૨) આવું કૃત્ય આરોપીએ કાનૂની વાલીના સંમતિ વગર કરેલ હોવુ જોઈએ.** તે જ રીતે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૮૭ પુરવાર કરવા ફરીયાદપક્ષે પુરવાર કરવુ જોઈએ કે **(૧) આરોપીએ કોઈ વ્યકિતનું અપહરણ કે અપનયન કર્યુ હોય (૨) ભોગબનનાર સ્ત્રી હોય (૩) ભોગબનનાર સ્ત્રીને તેની ઈચ્છા વિરુધ્ધ લગ્ન કરવાના ઈરાદાથી અથવા લગ્ન બાહ્ય સંભોગ કરવાની ફરજ પાડવામાં કે તેમ કરવા ફોસલાવવાના ઈરાદાથી આરોપીએ અપહરણ કર્યુ હતુ અથવા ઉપરના ઈરાદા મુજબ થવા માપશે એવી આરોપીને જાણ હતી.**

(૨) પ્રસ્તુત કેસની હકીકત જોઈએ તો **ભોગબનનાર બનાવ વખતે સગીર હોવાની હકીકત પુરવાર થયેલ નથી અને આ સંજોગોમાં આરોપી વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨) મુજબનો ગુનો પુરવાર થતો નથી.**પ્રસ્તુત કેસની હકીકત જોઈએ તો આંક–૧૧ થી ફરીયાદ રજુ થયેલ છે. જે ફરીયાદ ભોગબનનારના માતાએ આપેલી છે. ફરીયાદ અનુસંધાને **ફરીયાદી (સાહેદ નં.૧) નાએ આંક–૧૦** થી અદાલત સમક્ષ પુરાવો આપેલ છે. તેઓએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે,

> '' બનાવ આશરે ચાર–પાંચ માસ પહેલા બનેલો.બનાવ વખતે મારે અને ભોગબનનાર વચ્ચે કામકાજ બાબતે થતા મે ઠપકો આપતા ભોગબનનાર કોઈને કહ્યા વગર રીસાઈને કયાક જતી રહેલી.જેથી મે પોલીસમાં ફરીયાદ કરેલી.''

તેઓની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલી છે જેમાં તેઓએ સ્વીકારેલ છે કે પોલીસે ફરીયાદ તૈયાર કરેલી અને તેમાં તેમણે માત્ર સહી કરેલી અને તેમણે તે વાંચેલી નહી.તેમને તેમની દીકરી સાથે બોલવાનુ થયેલ હોવાથી તે તેના મામાના ઘરે જતી રહેલી અને પાછી આવી ગયેલી.<u>પ્રસ્તુત કેસમાં જેનું અપહરણ થયાનો આક્ષેપ છે તે</u>

**ભોગબનનાર (સાહેદ નં.૨)** નાઓએ આંક-૧૨ થી અદાલત સમક્ષ પુરાવો આપેલ છે જેમાં તેણીએ જણાવેલ છે કે

> '' ફરીયાદ મારી માતાએ કરેલી. આશરે ચાર-પાંચ માસ પહેલા મારી માતા સાથે કામકાજ બાબતે ઝગડો થતા હુ કોઈને કહ્યા વગર ઘરેથી મારા મામાના ઘરે જતી રહેલી.હુ ઘરે ન હોય મારી માતાએ તે બાબતે ફરીયાદ કરેલી. ત્યારબાદ છ-સાત બાદ હુ ઘરે પરત આવેલી અને મારી માતાએ ફરીયાદ કરેલ હોય તે બાબતે મને પોલીસમાં પુછપરછ કરીને મારો જવાબ લીધેલો.''

જયારે સદર ભોગબનનારની આરોપીપક્ષે ઉલટ તપાસ લેવામાં આવેલી છે જેમાં તેઓએ સ્વીકારેલ છે કે

> '' એ વાત ખરી છે કે મારે અને મારી માતા વચ્ચે બોલાચાલી થતા હુ મારા મામાના ઘરે જતી રહેલી. એ વાત ખરી છે કે મને કોઇ લઇ ગયેલ હોય તેવું બનેલ નથી. ''

**ભોગબનનારે વિ.મેજીસ્ટ્રેટ સમક્ષ બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ મુજબનુ નીવેદન આપેલ જે આંક-૧૩ થી** રજુ થયેલ છે જેમાં તેઓએ કોર્ટમાં આપેલા પુરાવાથી વિરુધ્ધની હકીકતો જણાવેલી છે.આમ,ફરીયાદીનો પુરાવો, ભોગબનનારના અદાલત સમક્ષના પુરાવા તથા વિ.મેજીસ્ટ્રેટ સમક્ષ બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ મુજબનુ નિવેદન ધ્યાને લેતા આરોપી ભોગબનનારને લલચાવી ફોસલાવીને ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી ભગાડીને લઇ ગયેલ હોય તેવો લેશમાત્ર પુરાવો જણાતો નથી. જેથી આરોપી વિરુધ્ધ **ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૧૩૭(૨) તથા ૮૭ મુજબનું તહોમત નિ:શંકપણે પુરવાર થતુ ન હોય મુદ્દા નંબર ૨ નો જવાબ 'નકારમાં' આપવામાં આવે છે.**

**૧૩. મુદ્દા નં.૩ અંગે :-**

(૧) આરોપી વિરુધ્ધ **ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૬૪(૨) (એમ) તથા ૬૫(૧)** મુજબનું તહોમત છે એટલે કે ફરીયાદપક્ષે એ

હકીકત પુરવાર કરવી જોઇએ કે (૧) આરોપીએ કોઇ સ્ત્રી સાથે શારીરીક સંભોગ કર્યો હોવો જોઇએ. (૨) આવો શારીરીક સંભોગ સ્ત્રીની ઇચ્છા વિરુધ્ધ તથા તેની સંમતિ વગર કરવામાં આવ્યો હોવો જોઇએ અથવા તો (૩) ભોગબનનાર કે અન્ય વ્યકિતને મૃત્યુ કે વ્યથામાં ભયમાં મુકીને તેની સંમતિ મેળવેલ હોવી જોઇએ અથવા (૪) ભોગબનનાર તેને પોતાનો પતિ માને તેવી ગેરરજુઆત દ્વારા સંમતિ મેળવેલ હોવી જોઇએ અથવા (૫) મગજની અસ્થિરતા, બેભાનવસ્થા, નશાગ્રસ્ત વિગેરે હાલતમાં સંમતિ મેળવવામાં આવેલ હોવી જોઇએ અથવા **(૬) સંમતિ અથવા ન હોય, પરંતુ ૧૮ વર્ષથી ઓછી વયની સ્ત્રી સાથે સંભોગ કરવામાં આવ્યો હોવો જોઇએ.**

(૨) આ સંદર્ભમાં પ્રસ્તુત કેસની હકીકત જોવામાં આવે તો આરોપી વિરુધ્ધ ભોગબનનાર સાથે તેની મરજી વિરુધ્ધ બળાત્કાર કર્યાનો આક્ષેપ છે. જયારે બળાત્કાર કર્યાનો આક્ષેપ હોય ત્યારે તે અંગનો શ્રેષ્ઠ પુરાવો એ ભોગબનનાર જ આપી શકે અને જો ભોગબનનારનો પુરાવો સંપુર્ણ ભરોષાપાત્ર અને વિશ્વનીય હોવાનુ અદાલતને જણાય તો એક માત્ર ભોગબનનારના પુરાવા પર આધાર રાખી અને અન્ય કોઈ પુરાવાનુ સમર્થન ન હોય તો પણ આરોપીને તકસીરવાન ઠરાવવા માટે પુરતો છે. એટલે કે ભોગબનનારનો પુરાવો ભરોષાપાત્ર અને વિશ્વસનીય હોવાની હકીકત ફરીયાદપક્ષે જણાવવી જરૂરી છે.આ સંબંધે ભોગબનનારનો પુરાવો એ અતિ મહત્વનો છે. **ભોગબનનાર (સાહેદ નં.૨) નાએ આંક –૧૨ થી અદાલત સમક્ષ પુરાવો આપેલ છે.** પણ તેઓ ફરીયાદને સમર્થન કરતા પુરાવો રજુ કરતા ના હોય ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે. તેઓને વિ.પ્રોસીક્યુટર દ્બારા ઉલટ તપાસ કરવામાં આવેલી છે જેમાં પણ તેઓએ ફરીયાદને અનુમોદન આપતો પુરાવો રજુ કરેલ નથી. આરોપી તરફે સાહેદની ઉલટ તપાસ લેવામાં આવેલી છે જેમાં સાહેદે સ્વીકારેલ છે કે,

''એ વાત ખરી છે કે મારે અને મારી માતા વચ્ચે બોલાચાલી થતા હુ મારા મામાના ઘરે જતી રહેલી. એ વાત ખરી છે કે મને કોઇ લઇ ગયેલ હોય તેવું બનેલ નથી.''

<u>**ભોગબનનારે વિ.મેજીસ્ટ્રેટ સમક્ષ બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩**</u> **મુજબનુ નીવેદન આપેલ જે આંક–૧૩ થી** રજુ થયેલ છે જેમાં તેઓએ કોર્ટમાં આપેલા પુરાવાથી વિરુધ્ધની હકીકતો જણાવેલી છે. વધુમાં, **આંક–૨૧ વાળા તબીબી સાહેદ ( સાહેદ નં.૪) શ્રી ડો.નિરવકુમાર અશોકભાઇ પટેલનો** પુરાવો જોવામાં આવે તો તેઓ પોતાના પુરાવામા જણાવે છે કે ભોગબનનારે તેમના રૂબરૂ એવી હિસ્ટ્રી લખાવેલ કે,

''...... જુના પીપોદરા થી શામળાજી સુધી બાઇક લઇને ગયેલ. બાઇક શામળાજી મુકી તમામ જગ્યાએ બસમાં મુસાફરી કરેલ છે.બંનેએ પોતાની મરજીથી શારીરીક સંબંધ બે વખત બાંધેલ હતો."

વધુમાં, **આંક–૨૪ વાળા તબીબી સાહેદ ડો.રુચી પટેલ ( સાહેદ નં.૫)** નો પુરાવો જોવામાં આવે તો તેઓ પોતાના પુરાવામા જણાવે છે કે ભોગબનનારે તેમના રૂબરૂ એવી હિસ્ટ્રી લખાવેલ કે,

'' આરોપી દિપકકુમાર અરવિંદસિંહ પરમાર ને ત્રણ વર્ષથી ઓળખું છુ. અમે ત્રણ વર્ષથી પ્રેમસંબંધમાં હતા. તેથી હુ મારી મરજીથી આરોપી દિપકકુમાર સાથે ૨૨/૧૧/૨૦૨૫ એ ભાગીને બાઇક પાટણ, કડી, અમદાવાદ, સુરત અને અંતે ખંભાત આવ્યા હતા. ૨૪/૧૧/૨૦૨૫ એ ખંભાતના નગારા ગામમાં રોકાયા હતા. ત્યાં મારી મરજીથી ૨૮/૧૧/૨૦૨૫ ની રાતે કોઇપણ જાતના ગર્ભનિરોધક વગર મારા અને આરોપી દિપકકુમાર વચ્ચે ૨ વાર શારીરીક સંબંધ બંધાયો હતો.''

ફરીયાદ પક્ષે **તપાસ કરનાર અધિકારી હિમાંશુભાઇ પરશોત્તમભાઇ ગામીત (સાહેદ નં.૬) નાએ આંક–૨૬** અદાલત સમક્ષ પુરાવો આપેલ છે જેમાં તેઓએ તપાસની કાર્યવાહી કરેલ તેની હકીકતો જણાવે છે.આમ

ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ભોગબનનારનો પુરાવો, તબીબી સાહેદોનો પુરાવો અને તપાસ કરનાર અધિકારીના પુરાવાને ધ્યાને લેતાં (૧) આરોપી અને ભોગબનનાર વચ્ચે પ્રેમસંબંધ હતો.(૨) આરોપી અને ભોગબનનાર વચ્ચે જાતીય સમાગમ ભોગબનનાર સગીર હતી તે વખતે બંધાયેલ નથી.(૨) ભોગબનનારને આરોપી સાથે શરીર સંબંધ સંમતિથી બંધાયેલ છે.ભારતીય પુરાવા અધિનીયમની કલમ- ૧૧૪ (ક) નુ અનુમાન આરોપીની તરફેણમાં કરવાનુ રહેતુ નથી. જેથી **આરોપી વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૬૪(૨)(એમ) તથા ૬૫(૧) મુજબનુ તહોમત નિ:શંકપણે પુરવાર થતુ ન હોય મુદ્દા નં.૩ નો જવાબ 'નકારમાં'આપુ છુ.**

**૧૪. મુદ્દા નં.૪ અંગે : -**

આરોપી વિરુધ્ધ **પોકસો એકટની કલમ-૪,૬,૮,૧૨** મુજબનું તહોમત છે એટલે કે ફરીયાદપક્ષે એ હકીકત પુરવાર કરવી જોઇએ કે આરોપીએ ભોગબનનાર સાથે પ્રવેશ જાતીય હુમલો કે જાતીય સતામણી કરેલ છે પરંતુ મુદ્દા નં.૧ ના પેરા નં. ૧ માં ચર્ચા કરેલ છે તે મુજબ ભોગબનનાર સગીર હોવાની હકીકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે. આમ ભોગબનનાર જયારે સગીર હોવાનુ પુરવાર થયેલ નથી તે સંજોગોમાં આરોપી વિરુધ્ધ પોકસો એકટ અન્વયેનુ તહોમત ટકવાપાત્ર નથી. સંજોગોમાં આરોપી વિરુધ્ધ **પોકસો એકટની કલમ- ૪,૬,૮,૧૨ મુજબનુ તહોમત નિ:શંકપણે પુરવાર થતુ નથી.મુદ્દા નં.૪ નો જવાબ 'નકારમાં'આપુ છુ.**

**૧૫. મુદા નં.૫ અંગે :-**

ઉપરોકત મુદા નંબર ૧ થી ૪ માં ચર્ચા કરેલ છે તે હકીકતો ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધ **ભારતીય ન્યાય સંહિતાની કલમ:-**

**૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧) તથા પોક્સો એક્ટની કલમ–૪,૬,૮,૧૨** મુજબનુ તહોમત નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. આ સંજોગોમાં ભોગબનનારને વળતર આપવાનુ વ્યાજબી કારણ જણાય આવતુ ન હોય વળતર અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને જો ભોગબનનારે વચગાળાની વળતરની અરજી કરેલ હોય તે અરજી રદ કરવામાં આવે છે. **જેથી મુદા નં.૫ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરું છું.**

## :: આખરી હુકમ ::

૧. આરોપી **દિપકભાઇ ઉર્ફે દિપલો અરવિંદભાઇ પરમાર** ઉં.આ.વ.૨૨, રહેવાસીઃ પરમાર ફળિયુ, જુના પિપોદરા તા.બાયડ જી.અરવલ્લી નાઓને ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧) તથા પોક્સો એક્ટની કલમ–૪, ૬, ૮, ૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૧) અન્વયે **નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.**

૨. આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ અન્વયે અપીલ પીરીયડ સુધીના અત્રેની કોર્ટ સમક્ષ રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા જાતજામીન આપવાના રહેશે.

૩. આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં હોય તેમને જેલમુકત કરવા સારુ જેલરશ્રીને યાદી કરવી.

૪. મુદ્દામાલ પાવતી નં.૯૯/૨૦૨૫ થી કબજે કરેલ કાળા રંગની હીરો કંપનીની સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ આર.ટી.ઓ.

રજી.નં જી.જે.૩૧.કયુ.૨૦૧૦ તથા એક KECHAODA કંપનીના મોબાઇલ ફોન સંબંધે જો વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો આથી કાયમ રાખવામાં આવે છે અને અગર જો કોઈ હુકમ કરવામાં ન આવેલ હોય તો તેના ખરા માલીકને ખરાઇ કરી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે જયારે અન્ય મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૮/૦૪/૨૦૨૬
મોડાસા

**(સુનિલ મનહરભાઈ કામદાર)**
**સ્પેશ્યલ જજ–પોક્સો**
અરવલ્લી જીલ્લા, મોડાસા
**જજ કોડ જીજે૦૦૯૮૪**

જે.બી.રાઠોડ

## Appendix

**[As per Direction of Hon'ble Apex Court in case of Manoj Jethabhai Parmar v/s State of Gujarat in Criminal Appeal No.2973/2023]**

**[A] Specimen Chart for Witnesses Examined:-**

| Prosecution Witness No. | Name of Witness | Description |
|---|---|---|
| ૧. | ઈન્દુબેન રાકેશભાઈ ચૌહાણ | ફરીયાદી |
| ૨. | ભોગબનનાર | ભોગબનનાર |
| ૩. | રાકેશભાઈ રમણભાઈ ચૌહાણ | ભોગબનનારના પિતા |
| ૪. | ડો.નિરવકુમાર અશોકભાઇ પટેલ | તબીબી સાહેદ |
| ૫. | ડો.રુચી પટેલ | તબીબી સાહેદ |
| ૬. | હિમાંશુભાઇ પરશોત્તમભાઇ ગામીત | ત.ક.અમલદાર |

**[B] Specimen Chart for Exhibited Documents:-**

| Exhibit No. | Description of the Exhibit | Proved by/ Attested by |
|---|---|---|
| ૧૧ | ફરીયાદ | સાહેદ નં.૧ |
| ૧૩ | બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનું ભોગબનનારનું નિવેદન | સાહેદ નં.૨ |
| ૧૫ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | આરોપી તરફે કબુલ રાખેલ છે. |
| ૧૬ | મોબાઇલ ફોન રીકવરી પંચનામું | આરોપી તરફે કબુલ |

| | | |
|---|---|---|
| | | રાખેલ છે. |
| ૧૭ | ભોગબનનનરની શરીર સ્થિતીનું પંચનામું | આરોપી તરફે કબુલ રાખેલ છે. |
| ૧૮ | આરોપીની શરીર સ્થિતીનું પંચનામું | આરોપી તરફે કબુલ રાખેલ છે. |
| ૧૯ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | આરોપી તરફે કબુલ રાખેલ છે. |
| ૨૨ | આરોપીનું શારીરીક તપાસણી સર્ટીફીકેટ | સાહેદ નં.૪ |
| ૨૩ | ભોગબનનારનું શારીરીક તપાસણી સર્ટીફીકેટ | સાહેદ નં.૪ |
| ૨૫ | ભોગબનનારનું શારીરીક તપાસણી સર્ટીફીકેટ | સાહેદ નં.૫ |
| ૨૭ | સુચિપત્ર | સાહેદ નં.૬ |
| ૨૮ | ભોગબનનનરનો શાળા છોડયાનો દાખલો | સાહેદ નં.૬ |
| ૨૯ | સ્થળ પરીક્ષણ અહેવાલ | સાહેદ નં.૬ |
| ૩૦ | સરકારી પંચો ફાળવવાની યાદી | સાહેદ નં.૬ |
| ૩૧,૩૨ | ભોગબનનાર તથા આરોપીની મેડીકલ તપાસ કરાવવા યાદી | સાહેદ નં.૬ |
| ૩૩ | કલમ ઉમેરાનો રીપોર્ટ | સાહેદ નં.૬ |

**[C] Specimen Chart for Material Objects/Muddamals:-**

| Material Objects No. | Description of the Exhibit | Proved by/ Attested by |
|---|---|---|
| - | - | - |
| - | - | - |